| Article Date | Headline / Summary | Publication |
|---|---|---|
| 03 May 2026 | Is your insurance adequate? If not, definitely get it. | Divya Bhaskar |

### જરૂરિયાતને અનુરૂપ ઇન્શ્યોરન્સ કવર તૈયાર કરો

# શું તમારો ઈન્શ્યોરન્સ પર્યાપ્ત છે? જો ન હોય તો તેને અવશ્ય અપનાવો

ભાસ્કર ન્યૂઝ | મુંબઇ

આકસ્મિક જરૂરિયાતો માટે પ્લાન કરવા અને સુરક્ષા કવચ ઊભું કરવા માટે ઇન્શ્યોરન્સ એ શ્રેષ્ઠ રીતોમાંથી એક છે. જો કે, માત્ર પોલિસી ખરીદવાથી હંમેશા સંપૂર્ણ સુરક્ષાની ગેરંટી મળતી નથી; મુખ્ય બાબત એ છે કે યોગ્ય માત્રામાં કવરેજ હોય. વર્ષોના અનુભવ દરમિયાન, મેં એક ચિંતાજનક પૅટર્ન જોઈ છેઃ ઘણા પૉલિસીધારકો ઈન્શ્યોરન્સ ધરાવે છે, પરંતુ તે પૂરતા પ્રમાણમાં હોતો નથી. મોટાભાગના કિસ્સાઓમાં, અપર્યાપ્ત ઈન્શ્યોરન્સ કવરને કારણે ક્લેઈમના સમયે ગેરસમજ ઉદ્ભવે છે તેવો નિર્દેશ બજાજ જનરલ ઈન્શ્યોરન્સ લિમિટેડના એમડી અને સીઈઓ ડૉ. તપન સિંઘલે દર્શાવ્યો હતો. વધુમાં જણાવ્યું કે ઘણીવાર, જૂની સમ ઈન્શ્યોર્ડ, પૉલિસી નિયમાવલી અંગેની ગેરસમજ, અથવા પરિણામોનો પૂરેપૂરો વિચાર કર્યા વિના પ્રીમિયમનો ખર્ચ ઘટાડવાની ઈચ્છા જેવા પરિબળો અપર્યાપ્ત કવરેજ તરફ દોરી જાય છે. ચાલો જોઈએ કે તમારી જરૂરિયાતોને ખરેખર અનુરૂપ ઇન્શ્યોરન્સ કવર કેવી રીતે તૈયાર કરી શકાય છે.

હેલ્થ ઇન્શ્યોરન્સઃ ભારતમાં તબીબી ફુગાવો, લગભગ 15% ના દરે, સતત સામાન્ય ફુગાવા કરતાં ઝડપથી વધી રહ્યો છે. મેટ્રો શહેરમાં હૉસ્પિટલમાં દાખલ થવાનો એક વખતનો ખર્ચ પણ લાખો રૂપિયા સુધી પહોંચી શકે છે. તેમ છતાં, ઘણા પરિવારો હજુ પણ ₹3 લાખ અથવા ₹5 લાખના કવર પર આધાર રાખે છે, જેની મર્યાદા હૉસ્પિટલમાં દાખલ થવાના ખર્ચ કરતા ઘણી ઓછી છે. અહીં બે સરળ પ્રશ્નો છે જે તમને મદદરૂપ થઈ શકે છેઃ 'શું મારું વર્તમાન કવર કોઈ હૉસ્પિટલમાં મોટી સર્જરી કરાવવા માટે પૂરતું હશે? અથવા શું હું મારી બચતને સ્પર્શ કર્યા વિના તબીબી કટોકટીને મેનેજ કરી શકું તેમ છું?' જો આ પ્રશ્નોનો જવાબ સ્પષ્ટપણે 'ના' હોય, તો તમારી પૉલિસીની સમ ઈન્શ્યોર્ડની ફરીથી તપાસ કરવાનો સમય આવી ગયો છે.